સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

યુસ્તો લસણ-ડુંગળી ખાનારાને મારી નાખે તો?
કોઈ કટ્ટરકંદ ખાનારાને કચડી નાખે તો?
સારી નાખે છે આંસુ, ધર્મ આવી કટ્ટરતા પર -
કટ્ટરો ધર્મનો જુગાર ગૌમાંસે હારી નાખે છે...

હાઈકુ

લાગી કાલિમા
બૌધિક વૈચારક
સ્વાતંત્ર્ય પર
(સુધીર કુલકર્ણી ઘટના)

રોગી માનસે
બિમાર ધારાસભ્યો
પડાવે પૈસા
(ખાનગી સારવાર)

ચિંતન

આશા નામ મનુષ્યાણાં કાચ્ચિદાશ્ચર્ય શ્રૃંખલા ।
યથા બદ્ધાઃ પ્રધાવન્તિ મુક્તારિતનિષ્ઠતિ પંગુવત્ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાયનું ‘તૃષ્ણાની નિંદા’ નામના વિભાગનો આ શ્લોક છે :

‘આશા’ નામની એક ‘બેડી’ (બંધન) એવી વિચિત્ર છે તે દોડવા લાગે છે અને આ બંધનરુપ બેડીથી જે લોકો મુક્ત છે એ બિચારા બાપડા ‘પંગુ’-અપંગ હોય એમ સ્થિર ઊભા જ રહે છે.’

‘આશા’ માં કોઈ પુરુષાર્થ કર્યા વિના બેસી રહેવું એના કરતાં પુરુષાર્થ કરવો જોઈએ.

પણ ખોટી ઈચ્છાઓ-આશા-તૃષ્ણા-ભૌતિક સુવિધાઓ- એ માયા છે - માયામૃગ પાછળ માનવી ગાંડો થઈ દોડે છે. હજુ થોડું વધારે કમાઈ લઉં - ની અપેક્ષામાં દોડતો રહે અને દુઃખ રહે હાથ કરી - સંતોષનું સુખ તે માણી શકતો નથી. જો માણસ ઓછી જરૂરિયાતમાં સંતોષપૂર્વક રહે તે સુખ-શાંતિ મળે જ છે.

અહીં માયા-મમતા-ઈચ્છાના બંધનની બેડી બાંધેલા લોકો દોડે છે પણ સંતોષી શાંત થઈ બેસી રહે છે.

સુવિચાર

- ભૂતકાળમાં જીવનારનો વર્તમાનકાળ ખવાઈ જાય છે
  અને તેથી તેનું કોઈ ઉજળું ભવિષ્ય હોતું નથી - **સમયસૂત્ર**
- ‘અહં’માંથી મુક્ત થનાર જીવી જાણશે અને
  આવું સાચું જીવી જાણનાર મરી જાણશે - **વિનોભા ભાવે**
- મૈં ઉસ ખુદા કી તલાશ મેં હું,
  જો ખુદા હોતે હુએ ભી આદમી સા લગે - **ખુમાર બારાબંકવી**
- જીવી જવાની લલિતકળા એટલે પ્રવૃત્તિમય નિવૃત્તિ અને નિવૃત્તિમય પ્રવૃત્તિ - **ગુણવંત શાહ**
- બુદ્ધિશાળી પોતાની બુદ્ધિથી શ્રીમંત બની શકે છે,
  પરંતુ શ્રીમંત માણસ પૈસાથી બુદ્ધિશાળી બની શકતોન થી - **રોબિન શર્મા**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

ભગવાન મહાવીરની સત્સંગ સભા ચાલતી હતી. ભગવાન કેવળ જ્ઞાનના અધ્યાત્મિક પંથમાં ધૈર્ય-તપ અને શાંતિનું મહત્ત્વ સમજાવતા હતા. તપની સાથે ધૈર્ય હોય તો જ માનસિક શાંતિ મળે અને માનસિક શાંતિ જ ‘પરમ શાંતિ’ સુધી લઈ જાય છે - પરમશાંતિની પરાકાષ્ઠાએ પહોંચતા જ કેળવ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

એક હતપતીયા શિષ્યએ તરત પ્રશ્ન પૂછ્યો. પ્રભુજી ઓછામાં ઓછા કેટલા વર્ષ તપ કરીએ તો આપ કહો છો એની શાંતિ પ્રાપ્ત થાય...

પ્રભુ કહે - મેં તમને કહ્યું ને એ ધૈર્યનો સવાલ છે છતાં ય સતત પ્રયત્ન-અભ્યાસ કરો તો પણ દસ વર્ષ તો સ્હેજે જોઈએ..

શિષ્ય - પ્રભુજી - એટલાં બધાં વર્ષ ! વધારે ન કહેવાય ?

પ્રભુજી - કહે તારા સ્વભાવથી હું પરિચિત છું. તને તો ઓછામાં ઓછા વીસ વર્ષ તો થશે જ...

શિષ્ય કહે - પ્રભુ! તમે તો બમણાં કરી નાખ્યાં...

પ્રભુ - ... પણ હું ચોક્કસપણે કહું છું ત્રીસ વર્ષે તો તને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થશે જ...

શિષ્ય હવે ધીરજપૂર્વક મૌન રાખી બેસી ગયો.

આમલી પીપળી બતાવી બિહાર કબજે કરવા મથતું ભાજપ

તંત્રીસ્થાનેથી....

પહેલા ચરણના મતદાનમાં બિહારના દસ જિલ્લાઓમાં ફેલાયેલી ૪૯ બેઠકો પર શાંતિપૂર્ણ મતદાન થયું છે. એને ‘બમ્પર’ તો ન કહી શકાય પરંતુ ૨૦૧૦ની સરખામણીમાં ૬.૧૫ ટકા વધુ થયું છે તે સૂચક છે. બેઉ પ્રતિસ્પર્ધી પક્ષોએ છેક છેલ્લા દિવસ સુધી એમની તમામ તાકાત લગાવી લઈ વધુમાં વધુ મતદાન પોતાની તરફેણમાં થાય એવા પ્રયાસો કર્યા હતા. મહિલાઓ અને યુવાનો ઉપરાંત વૃદ્ધો પણ ઉત્સાહભેર મતદાન કરવા નીકળી પડ્યા હતા. પુરુષો કરતાં મહિલાઓનું મતદાન વધુ થયું છે તો વળી લાલુપ્રસાદની જ્ઞાતિ યાદવ કોમનું પણ ભારે મતદાન થયું છે. આ ચૂંટણી ભાજપ કરતાં વધુ તો નરેન્દ્ર મોદીની પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગઈ છે. વળી બિહારી નેતા બેલડી - લાલુ અને નીતીશકુમાર માટે તો એ અસ્તિત્વની લડાઈ જ સાબિત થશે. જો બિહાર ગુમાવશે તો મોદીનો કરિશ્મા ઓસરી ગયો છે એવો પ્રચાર થશે અને એની અસર હવે પછી જે રાજયોમાં ચૂંટણી થવાની છે, એની ઉપર પડ્યા વિના નહીં રહે. બલકે મોદી માટે કદાચ ગુજરાતનો ગઢ સાચવવો પણ મુશ્કેલ બની રહેશે. સામે પક્ષે જો ભાજપ બિહાર અંકે કરી શકશે તો લાલુ માટે કાયમી ક્ષેત્ર સંન્યાસ અને નીતીશ માટે નવરામણિયું સમજવું. મોદી માટે આગામી વિધાનસભાની ચૂંટણીઓ જ નહીં, લોકસભાની સાડા ત્રણ વર્ષ પછી આવનારી ચૂંટણી પણ ‘વૉક ઓવર’ જેવી બની રહેશે. બિહારની ચૂંટણી પાછળ વડાપ્રધાન મોદીએ અને ભારતીય જનતા પાર્ટીએ તમામ તાકાત હોમી દીધી છે - જાણે બિહાર એ એની ભવિષ્યની કારકિર્દીનો ‘ડેડ એન્ડ’ ન હોય, એવી દહેશતથી ધ્રૂજી ગયેલી પાર્ટી યેનકેન પ્રકારેણ ‘પરિમાણ’ લાવવા કૃતસંકલ્પ છે, પછી એ માટે ભલે ને ગમે તેવાં જુઠ્ઠાણાં ચલાવવાપડે, ગૌમાંસના મુદ્દાને અગ્રતાક્રમે મૂકી દેવો પડે કે કાળાં નાણાંની રેલંછેલ કરવી પડે : પાર્ટીનો વન પોઈન્ટ પ્રોગ્રામ છે - બિહાર જીતી લેવું! બાય હૂક ઑર ક્રૂક! જે પાણીએ મગ ચડતા હોય તે પાણીએ ચડાવી દેવા, ભલે ને એ ગટરનું જ કેમ નથી! ૧૯૫૨ની પહેલી ચૂંટણી વખતે તત્કાલિન સુપ્રસિદ્ધ અંગ્રેજી સાપ્તાહિક ‘બ્લિટ્ઝ’ના તંત્રી આર.કે. કરંજિયાએ એ વખતની કોંગ્રેસ પાર્ટી વિશે કરેલી આકરી ટિપ્પણી યાદ આવે છે : ‘કોંગ્રેસ કોઈ પણ ભોગે ચૂંટણી જીતી લેવા કૃતસંકલ્પ છે, ભલે પછી એ નહેરુના નામે જિતાય કે નરગીસના નામે!’ અલબત્ત, અહીં નહેરુને બદલે નરેન્દ્ર મોદી અને નરગીસને બદલે હેમામાલિનીનું નામ ગોઠવી દઈ શકાય! પહેલા ચરણ વખતે જ મોદીએ ચૂંટણીપંચ પર ધૌંસ જમાવી એમની ચૂંટણીસભાઓના જીવંત પ્રસારણ પર પ્રતિબંધ લગાવવાની વિપક્ષોની માગણી ફગાવી દીધી, એટલું જ નહીં, એમણે નીતીશકુમારના મંત્રીમંડળના વરિષ્ઠ સાથી અવધેશસિંહ કુશવાહાને લાંચ લેતાં સ્ટિંગ ઑપરેશનમાં ઝડપાવી દઈ આખા મંત્રીમંડળને ભ્રષ્ટાચારી જણાવી મતદાતાને સ્વચ્છ અને વિકાસવાદી સરકાર લાવવા અપીલ કરી. એમણે દિલ્હી અને બિહારની સરકાર એક જ પાર્ટીની હોય તો વિકાસની ગતિમાં વેગ આવશે એવો સધિયારો આપ્યો એટલું જ નહીં, એમણે બાબા આંબેડકરે આપેલી અનામત કોઈ જ નહીં હટાવી શકે, એવી ખાતરી પણ આપી. લાલુ વારંવાર મોદીને આ મુદ્દે જ પડકારતા રહ્યા છે. સંઘના વડા મોહન ભાગવતે કરેલ અનામત વિરોધી નિવેદન પછી ભાજપ માટે આ મુદ્દે ચોખવટ કરવાનું કામ અઘરું હતું. મોદીએ રીતસરનાં કેસરિયાં કરીને આ બધા મુદ્દાઓનું નિરાકરણ લાવી દીધું છે અને બિહારમાં વિકાસ કર્યા વગર દેશનો વિકાસ થઈ જ ન શકે, એવી જાહેરાત કરી છે. જો કે એ બિહાર માટે વિશેષ રાજયનો દરજ્જો આપી શક્યા નથી. બનવાજોગ કે એના વિકલ્પે રજૂ કરેલ પેકેજ ઉપરાંત આગામી તબક્કાઓમાં વધુ પ્રલોભનોની આડકતરી જાહેરાત કરે. વિશ્વ બેંક જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાનો ભારતની ઈકોનોમીને અમેરિક અને ચીન કરતાં પણ ઊંચા સોપાન પર મૂકવા માંડ્યા છે તે સૂચકછે. ગ્રાઉન્ડ સિચ્યુએશન ભલે ગમે તેટલી ચિંતાજનક હોય, લોકોને ધોળે દિવસે તારા દેખાડવામાં મોદીને કોઈ પહોંચી શકે એમ નથી.

મનુષ્ય ગૌરવ દિન – આજ ગોકુળ થયું જીવતું ને’ માધવ થયો મતવાલો!

ગામડાની ધૂળ સાથે વિચારકના ચિંતનને શું સંબંધ ? માછલીની દુર્ગંધને તત્ત્વચિંતકના વ્યવહાર સાથે શું લેવાદેવા ? અરે ! યુવાનની મસ્તી અને તોફાની અદાઓ સાથે પંડિતની પંડિતાઈને શું લાગેવલગે ? પણ... આ બધી માન્યતાઓને તોડી-ફોડીને કૃષ્ણની મોરલીના સૂરે જેમ ગોકુળ ગાંડું-ઘેલું થતું હતું તેમ આજે પાંડુરંગી (શાસ્ત્રીના) રંગે રંગાયેલું માનવ મહેરામણ અક્ષરશઃ તેમને અનુસરી રહ્યું છે. નિમિત્ત છે પ્રતિવર્ષ થતી ‘મનુષ્ય ગૌરવ દિન’ની વિશિષ્ટ ઉજવણી. હા મિત્રો ! પાંડુરંગ શાસ્ત્રીજીના જન્મ દિવસ નિમિત્તે કર્મયોગીઓની ટોળીઓ ગુજરાત અને ભારતના હજારો ગામોમાં નિઃસ્વાર્થ ભાવે કૃષ્ણ અને રામનો સંદેશ લઈને ઘરે-ઘરે, ઝૂંપડીએ-ઝૂંપડીએ પહોંચવા કટીબદ્ધ બની ગઈ છે. બધા કૃતિશીલો ગામડામાં રહીને-જઈને શું કરશે ? સંસ્કૃતિની સુગંધી વાતો કરશે, પરંપરાની મધુરી ચાસણી ચાખશે અને ભાવ-પ્રેમથી નિઃસ્વાર્થ સંબંધનો બાગ રચશે. અને પરિણામ તો... માણે તે જાણે !

ગુરુ દેવો ભવની ભાવનાને કૃષ્ણમ્ વંદે જગદ્ગુરુમ્ તરફ વાળનાર આ મહામાનવે માનવના ગૌરવને સ્થાપીત કરવા અનેક લોભામણી (યુનો સહિતની) તકોને જતી કરી હતી. પાંડુરંગને બાળપણથી સામાન્ય માનવીની ચાર દિવાલમાં રહીને ગૌરવહીન અવસ્થાને જોઈને કશુંક અજુગતું લાગતું હતું. જે માનવીને ધરતી પર અવતારીને ઈશ્વરે કોઈ ભેદ નથી રાખ્યો અને જેની શક્તિઓની કોઈ સીમા નથી તેવો માનવી કઈ રીતે હલકો કે અછૂત હોઈ શકે ? તેમણે પિતાજી સાથે બાળપણથી આ મહાપ્રશ્નની શોધ શરૂ કરી જે અનેક પ્રવૃત્તિઓ માધ્યમથી આજે સમાજમાં પ્રત્યુત્તર રૂપે સમરસ ભાવે વહેતી રહી છે.

શ્રીમદ્ ભગવદગીતાનો ઉપદેશ આપનાર અને પુસ્તકો લખનાર તો આ દેશમાં ઘણા છે, પણ ગીતાના સિદ્ધાંતોને વ્યવહારમાં લાવીને દેશની , સમાજની સમસ્યાઓને એક ઝાટકે ખંખેરી નાખીને આનંદ અને નિખાલસતાનું વાતાવરણ ખોલી આપનાર ગણ્યાગાઠ્યા જ હશે. ‘પ્રભુ મારી સાથે છે’ - અર્થાત મારા દરેક કામમાં એ સક્રીય ભાગીદાર છે- આ સમજ નિર્માણ થાય તો માનવમાં અસ્મિતા અને તેજસ્વીતા આપમેળે પ્રગટે. દરેક પોતાની શક્તિ પ્રમાણે કામ કરે , કોઈની સામે હાથ ન લંબાવે અને સમાજ સ્વાવલંબી બને. સ્વાધ્યાય કેન્દ્રના માધ્યમથી ગીતાના તેજસ્વી વિચારો મળતા વ્યક્તિને પોતાની શક્તિઓ અને નબળાઈઓ વિશે સાચી દિશાનું માર્ગદર્શન મળે છે. મૂળે ભારતીયોના લોહીમાં ભક્તિ અને ધર્મના સંસ્કારો ભળેલા છે. જો સાચી દિશા અને શુદ્ધ ભાવનાથી વિચારો મળે તો વિશ્વગુરુ શબ્દ હાથવેંતમાં લાગે. આપણા ગ્રંથોમાં નિર્દિષ્ઠ જીવન ઉપયોગી વિચારો એ જ આપણી સાચી મૂડી છે.

કૃષ્ણ આજે પણ મોરપીંછ બની હવામાં ઉડતાં-ઉડતાં ક્યાંક તો ઉતરતાં હશે ને? જેમ મોરપીંછના રંગોને ઓળખવામાં આપણે થાપ ખાઈ જઈએ એમ કૃષ્ણના કામે લાગેલા હજારો અને લાખો સ્વાધ્યાયી ભાઈ-બહેનોના ઉમળકાને પણ ઓળખવામાં પણ ભૂલા પડી જવાય તેવી સ્થિતિ છે ! રૉમન મેગ્સેસે અને ટેમ્પલટન જેવા આંતરરાષ્ટ્રીય પારિતોષિકો પ્રાપ્ત સ્વાધ્યાય કાર્ય એની બેનમૂન કાર્યપદ્ધતિથી જગતભરની દાદ મેળવી ચુક્યું છે. પાંડુરંગ શાસ્ત્રીજી એટલે પ્રયોગોના સર્જનહાર અને માનવની બહુમુખી શક્તિને ઉજાગર કરનાર પ્રયોગવીર. હજારો ગામોમાં કૃષિ આધારિત આર્થિક અને સામાજિક સદ્ધરતા સંબંધી યોગેશ્વર કૃષિનો પ્રયોગ, એક ગામ-એક વિચાર સંદર્ભે અમૃતાલયમ્‌નો પ્રયોગ, માછીમારી દ્વારા આર્થિક અને સામાજિક સમરસતા આપતો મત્સ્યગંધાનો પ્રયોગ, વીસ ગામની એકતા અને સમર્પણભાવ દર્શાવતો સામુહિક ખેતીનો આકર્ષક પ્રયોગ એટલે શ્રીદર્શનમ્ , વૃક્ષ ઉછેર અને વૃક્ષ સંરક્ષણની ખોખલી વાતોથી પણ આગળની દૈવી સમજ (કેશાકર્ષણ નહિ કેશવાકર્ષણ) નિર્માણ કરતો વૃક્ષમંદિરનો પ્રયોગ, જળ સંચયની વાસ્તવિક જલપ્લાવિત ભૂમિ તૈયાર કરી આપનાર પ્રયોગ તે નિર્મલનીર અને

અનુસંધાન પાના નં. ૭ પર

વીણાને ફરી સપનું યાદ આવ્યું... તે વિચારવા લાગી, જે સપનામાં જોયું તે ખરેખર કોઈ કુટુંબમાં સાચું પડી શકે ખરું?



શક્તિની ભક્તિના ઉત્સવ નવરાત્રીની શરુઆત થઈ ગઈ છે. પાર્ટી પ્લોટો અને શેરીઓમાં ગરબાની રમઝટની સાથોસાથ ઘરમાં પણ માં અંબાના મંદિરને ફૂલોના હારથી શણગારવા સાથે પ્રસાદની તૈયારી થઈ રહી છે. આસોની આ નવરાત્રી દરમિયાન પંડ્યાજીના ઘરમાં ભક્તિ અને આધ્યાત્મનું વાતાવરણ રહે છે.

વીણા આ ઘરમાં વહુ બનીને આવી ત્યારે તેના માટે આ બધું નવું ન હતું. સુરતમાં તો નવરાત્રીની જે ધામધૂમ હોય છે તેને સૌ કોઈ જાણે છે. અહીં ગાંધીનગરમાં પણ તેને મોટાભાગનું બધું જ એવું લાગતું હતું. ત્યાં પણ મમ્મી રોજ સવારથી પૂજા અને પ્રસાદની તૈયારીમાં લાગી જતી. વીણા તેની બહેન ટીનાની સાથે મળી મમ્મીને મદદ કરતી. પપ્પા અને નાનો ભાઈ પણ આખો દિવસ શણગાર કરવામાં વ્યસ્ત રહેતા. અને પછી રાતે આખું શહેર ગરબામાં મગ્ન બની માતાજીની આરાધના કરતું. અહીં પણ સસરા, દિયર અને વીણાના પતિ વિનય બધા એ જ રીતે વ્યસ્ત હતા. રસોડામાં નાની નણંદ નિધિ મદદ કરતી હતી. ગયા વર્ષે તો વીણાએ ખુબ દોડાદોડ કરીને કામ કર્યું હતું. પણ અત્યારે એ પ્રેગનન્ટ છે. સાસરામાં બધાં તેનું ખુબ ધ્યાન રાખે છે. સાસુજીએ વધારે કામ કરવાની ના પાડી છે. છતાં જેટલું થઈ શકે તેટલું કામ એ કરે છે.

પૂજાની તૈયારી કરતાં કરતાં અચાનક વીણાને પ્રસવ વેદના શરુ થઈ ગઈ.

સાસુ-સસરા તેનો અવાજ સાંભળીને દોડ્યા. તેને તુરંત નર્સિંગ હોમમાં લાવવામાં આવી. બે કલાકની સુખદ વેદના બાદ વીણાએ એક સુંદર બાલિકાને જન્મ આપ્યો. જયાં બહાર આવીને નર્સે રાહ જોઈને ઉભેલાં કુટુંબીજનોને આ સમાચાર આપ્યાં ત્યાં વીણાના સાસુ-સસરા ખુબ ખુશ થયા. સાસુ બોલ્યાં. ‘માતાજીની કૃપા આપણી પર ઊતરી તેથી લક્ષ્મીજી પધાર્યા.’ તેમણે તરત જ પાકીટમાંથી પાંચસોની નોટ કાઢી નર્સને દાપું આપ્યું. સસરાજીએ પણ ખુશ થઈને દીકરા વિનયને કહ્યું, ‘બેટા, વીણા ભાગ્યશાળી છે. પહેલાં ખોળે દીકરી દીધી. નવરાત્રીના બીજા દિવસે માં દુર્ગા સાક્ષાત ઘરે પધાર્યા. એથી વધુ આપણે શું જોઈએ. વિનય પણ રાજી થતાં બોલ્યો.’ ‘હાં પપ્પા મારી પણ એવી ઈચ્છા હતી કે બસ એક દીકરી હોય, પછી મારે બીજી કોઈ ચીજની આવશ્યકતા નથી. પપ્પા હું મીઠાઈ લઈ આવું.’ સાસુએ હરખ બતાવતા કહ્યું, ‘બેટા પાંચ કિલો પેંડા લઈ આવજે આખી હોસ્પિટલમાં વહેંચવા છે.’

ત્રીજા દિવસે નવજાત કન્યાને લઈ વીણા જયારે ઘરે આવી ત્યારે બારણામાં ઉભા રહી સાસુએ થાળી વગાડી જેથી આજુબાજુની સ્ત્રીઓ એકત્ર થઈ ગઈ. એક સ્ત્રીમાં કહ્યું, ‘વાહ, બા તમારી વહુએ તમારી ઈચ્છા પૂરી કરી.’ બીજી બોલી ‘ઘરમાં પહેલીવારમાં જ લક્ષ્મી પધારે એ કોને ન ગમે?’ ભઈ વિનય નસીબદાર છે. બા આ તો માં ના આશીર્વાદ છે. સાસું બોલ્યા ‘આ તમારા સૌના શુભેચ્છાઓ અને આશીર્વાદ ફળ્યા છે. મારે ત્યાં પહેલી પૌત્રી આવી છે તે પેંડા ખાઈ ને જ જજો.’ પછી સાસુ ફરી નવજાત કન્યાને તરત પોતાના ખોળામાં લઈને હેત વરસાવતાં અંદર આવ્યા. વીણાને કહ્યું, ‘જા બેટા આરામ કર, તું થાકી ગઈ હોઈશ.’

આ તરફ પંડ્યાજી અને નિધિ ઘરે આવેલાં સૌને પૈંડાના બોક્ષ અને સાથે માતાજી ફોટા વહેંચતા હતા. વિનય વીણાનો હાથ પકડી અંદરના ઓરડામાં લઈ આવ્યો. વીણા ખરેખર થાકી ગઈ હતી. પથારીમાં પડતાં જ તેને નિંદર આવી જાય છે. ત્યાં સાસુનો કર્કશ અવાજ સંભળાય છે. ‘કયાં મરી ગઈ વીણા, કયાં સુધી પથારીમાં પડી રહેશે.’ અવાજ સાંભળીને વીણાની આંખ ખૂલી ગઈ. એ ચોંકી જઈ વિચાર કરવા લાગી. ‘અરે! જે હું જોઈ રહી હતી એ તો સપનું હતું. ખરેખર સપનું જ... ટૂટી ગયું.’

સાસુનો જોરદાર ધાંટો ફરી સંભળાયો. ‘ઉઠી કે નહીં, કે પછી મારે ઉપર આવવું પડશે.’ વીણા તરત બેઠી થઈ ગઈ. ‘બા આવું છું.’ બસ આ આવી...’ દાદર ઉતરતા તેણે પેટ પર હાથ ફેરવ્યો. જાણે કે એ ગર્ભમાં રહેલ બાળકને વહાલ કરતી હોય. નીચે આવતાં જ સાસુ બોલ્યા. ‘તને યાદ નથી કે આજે ચેકઅપ માટે ડૉકટર પાસે જવાનું છે. મોડી જઈશ તો નંબર નહીં લાગે. પછી આખો દિવસ લાઈનમાં બેસી રહેજે.’ વીણા ડરતાં ડરતાં બોલી. ‘ના, બા હમણાં જ તૈયાર થઈને જાઉં છું અને વહેલી પાછી આવી જઈશ.’ વીણાએ બાથરૂમ તરફ જતાં સાસુને બબડતાં સાંભળ્યા. ‘પહેલીવારમાં જ દીકરો થાય તો અંબાજી જઈ સાકરથી તોળીશ. ખબર નહીં નસીબમાં શું લખ્યું છે.’

વીણાને ફરી સપનું યાદ આવ્યું. તે વિચારવા લાગી. ‘જે સપનામાં જોયું તે ખરેખર કોઈ કુટુંબમાં સાચું પડી શકે ખરું?’ એવું કોણ હોય જે દીકરી થતાં રાજી થાય. આ જમાનામાં તો કોઈ પણ ભણેલગણેલ કુટંબ હોય તો પણ તેમને દીકરો જ જોઈએ છે. પણ મને સપનું કેમ આવ્યું? કયાંક મને દીકરી થઈ તો...?

આ તે કેવી માં કહેવાય. પોતાના ગર્ભમાં ઉછરી રહેલ નાના જીવને મારવો... ઓહ! કોઈમાં એવું કંઈ રીતે કરી શકે. સૌથી વધુ પ્રજા વ્રત ઉપવાસ અને ભગવાન પર સૌથી વધુ વિશ્વાસ સ્ત્રીઓ જ રાખે છે. જે ભારતમાં સ્ત્રીને દેવીનું સ્વરુપ માની આરાધના કરવામાં આવે છે એ જ ભારતમાં કન્યા ભ્રૂણને ગર્ભસ્થ અવસ્થાએ જ મારી નંખાય છે. ‘આવું કરતાં એ માં ઓ નો જીવ કઈ રીતે ચાલતો હશે એ એનું પોતાનું જ તો છે. પણ એ વાત પણ સાચી કે આજે સમાજ ગમે તેટલો આગળ વધ્યો હોય, પ્રગતિ કરી હોય છતાં તેની માનસિકતા હજુ એવી ને એવી જ રૂઢિવાદી જુનવાણી રહી છે. જમાનો બદલાયો જ કયા છે. કુટુંબમાં પુત્ર અને પૌત્રને જ વધુ પ્રેમ મળે છે.’

દીકરી બહાર નીકળે તો એ જ છેડછાડ અને બળાત્કારનો ડર.. લગ્ન માટે દહેજ અને લગ્ન પછી દીકરો પેદા કરવા માટેનું દબાણ... આપણા આ સમાજનું શું થશે? બા ને એમ થાય છે કે દીકરો થાય તો સારું... પણ જો દીકરી થઈ તો ? બા ખુબ નારાજ થશે.

અચાનક તેના મનમાં વિચાર આવ્યો. હું ગર્ભ પરિક્ષણ કરાવી જ લઉં ખબર તો પડે કે છોકરો છે કે છોકરી... વિચાર કરતાં કરતાં તેણે આંખો મીંચી દીધી અને અનાયાસ પેટ પર હાથ ફેરવતાં પંપાળવા લાગી. તે વખતે તેને ગર્ભમાં હોઈ હલનચલન થતું અનુભવ્યું. તેને એમ લાગ્યું કે ગર્ભસ્થ બાળક આઘુંપાછું થઈ રહ્યું છે. તેને એમ લાગ્યું કે જાણે નાની બાળકી કહી રહી છે ‘માં મને ઓળખી? હું તારી નાની દીકરી બોલી રહી છું. માં હું પણ આ દુનિયા જોવા માગું છું. વિશાળ ગગનને નિહાળવા માગું છું. માં મોટી થઈને હું પપ્પા, દાદીમાં બધાની સેવા કરીશ. મને અવતરવા દે માં... મારા નાના નાના હાથ પગ ઉગી આવ્યા છે. માં મને જન્મ લેવા દે. માં મને આવવા દે...’ રઘવાટમાં વીણાની આંખ ખુલી ગઈ તે બેઠી થઈ ગઈ. અને હવે વીણાએ દઢ નિર્ણય કરી લીધો. ‘જે થવું હોયતે થાય હું ગર્ભપરિક્ષણ નહીં જ કરાવું. જો છોકરી થશે તો તેને હું કષ્ટ નહીં પડવા દઉં. તેને પ્રેમથી ઉછેરીશ. નાના જીવની હત્યા... એવું હું કયારેય ન કરી શકું. હું મારી દીકરીને જન્મ આપીશ.’

ડૉકટર પાસે ચેકઅપ કરાવી ઘેર પાછા ફરતાં વીણાના અંતમનમાં એ જ નાની દીકરીનો અવાજ ગુંજતો હતો. ‘માં મને આવવા દે...’

- vanvihari@gmail.com

ડોકને ચિકનગુનીયા...!! ‘વોટ્સ એપ વ્યસન મુક્તિ’ કેન્દ્ર પર ભીડ...!!

‘વૉટ્સ એપ ઑફ ધ વીક’ સાથે નેહલ ગઢવી દર સોમવારે કંઈક સરસ મુદ્દો ઉપાડી સૌને આ મોહમાયાના ફાયદા વર્ણવતા હોય છે, પણ અમારાં એક ગોલ્ડ મેડલિસ્ટ ડૉકટર મિત્રે (ગોલ્ડ મેડલ હોય એટલે મોટાભાગે નવરા જ હોય, પ્રેક્ટીસ કંઈ ચાલતી ન હોય) એમનો એક સરસ કિસ્સો કહ્યો...

‘કરોડો લોકોને રવાડે ચઢાવનાર અને અબજો ડૉલરને ખિસ્સામાં સેરવી જનાર ‘વૉટ્સ એપ’ના એ બંને નિર્માતાઓને છેક કોણીથી હાથ જોડીને નમસ્કાર...’ ‘ડૉકટર, તમારી પાસે વૉટ્સ એપ છે?’ એવું કોઈ પૂછે તોય મારું માથું ફરી જાય છે. આજે જેમની પાસે વૉટ્સ એપ નથી. એમને એકદમ તુચ્છ નજરોથી જોવાય છે. જેમ ક્રોસિંગે લાલ લાઈટ થાય અને કોઈ નફફટની જેમ તોય ગાડી હંકારે જાય, અને જે તુચ્છતા ભર્યા નજરે ત્યાં ઉભેલા સૌ જુએ એમ જ! અને આવી જમાનાની તુચ્છ નજરથી બચવા પછી એ આ બલાને ગળે વળગાડે અને એની મોહમાયામાં ફસાઈ જાય છે!

ગયા મહિને એક ચિંતાતુર મમ્મી એની બેફિકર યુવાન છોકરી બ્રિન્દાને લઈને મારા દવાખાને આવેલા. ‘ડૉકટર, કંઈક કરો, મારી દીકરી ડૉક ઊંચી કરતી નથી, અમારી સાથે વાતોય કરતી નથી.’ મને પહેલી નજરમાં તો એની ડૉકને ચિકનગુનીયા થયો હોય એમ જ લાગ્યું. મેં એ છોકરી સામે જોયું એ ખરેખર એક ડોક નીચી રાખીને બેઠી હતી. મેં એની મમ્મીને કહ્યું, ‘અરે, કેટલી નમ્ર છે તમારી બ્રિન્દા.’ ‘અરે ડૉકટર, આ ડોબી શેની વળી આજ્ઞાધારક? હવે નવી કહેવત આવી છે ને કે, ‘નીચી મુંડી દેખી એટલે વોટ્સ એપમાં એ તો ચોંટી...’ સાહેબ ગમે તે કરો પણ આને આમાથી મુક્ત કરો.

હું તો એનામાં ચિકનગુનીયાના પ્રાથમિક લક્ષણો જોતો હતો ત્યાં યાદ આવ્યું કે સાલું આપણી તો કયાં પ્રેક્ટીસ ચાલતી હતી. પણ તમે એકવાર મજાકમાં કહેલું ને કે ‘ડૉકટર, વોટ્સ એપ વ્યસન મુક્તિ કેન્દ્ર’ ચલાવો જામી જશે. અને સાચ્ચે જ અપની તો નિકલ પડી. એટલે પાછો હું સ્વસ્થ થયો મારે સારવાર નહીં સલાહ આપવાના પૈસા લૂંટવાના (સૉરી લેવાના) હોય છે! મેં એની મમ્મીને કહ્યું, ‘પણ ફી વારસો છે, ખબર છે ને?’ મમ્મી તો તરત ઉછળીને બોલ્યા, ‘બારસો નહીં બાવીસો આપીશ પણ એ ડોક ઊંચી કરી જીવતી થાય એવું કંઈક કરો.’

અને એ પછી તો બ્રિન્દા અને હું ૨૦ મિનિટ સુધી એકબીજાની બૌદ્ધિક ક્ષમતા ચેક કરતાં હતાં. બ્રિન્દા મને વોટ્સ એપના ફાયદા, કેવી રીતે ફટાફટ ચેટિંગ કરાય, ફોટા-ગીતો-વીડિયો શૅઅર કરાય એવું કહેતી હતી. (અરે, હા મને યાદ આવ્યું ‘ટુ ચૅટ’ એટલે વાતો કરવી, ગપ્પા મારવા... એવું અમે ચાની કિટલીએ, પાનના ગલ્લે કે કૉલેજ કેન્ટીનમાં એકબીજા સાથે કરતાં, અને હજુએ કરીએ છીએ, પણ આજની આ લવલી ગર્લ્સ કશુંય બોલ્યા વગર અંગૂઠાના ઉપયોગથી સટાસટ સટાસટ વાતો કરતી હોય છે!)

અને હું એને આ ભલે મફત લાગતું હોય, પણ એ પાછળ કેટલા રૂપિયા અને સમય ખર્ચાય છે, લમણાં લેખાય છે, આંગળી અંગૂઠાની કેવી વાટ લાગી જાય છે. ડૉક ચોંટી જાય, કોઈની વાતમાં ધ્યાન ન રહે. એક્સિડેન્ટ, રસ્તો ક્રોસ કરવાનું જોખમ વગેરે એને કહેતો હતો. ‘ઓં.કે. હું વિચાર કરીશ.’ એટલું બોલી અને મારો શ્વાસ હેઠો બેઠો. એની મમ્મી સામે વિજયી ‘સ્માઈલ’ આપ્યું. અને એટલામાં બ્રિન્દાના મોબાઈલમાં વોટ્સ એપનું બુલબુલ બોલ્યું અને એ એક સેકન્ડ પણ ન રોકાતા મોબાઈલમાં માથું ઘાલી, થેંક્સ કહ્યા વિના જ કેબીનની બહાર નીકળી ગઈ...

પંદર દિવસ બાદ ફરી મા-દીકરી મારી પાસે આવ્યાં. અને આ વખતે એકદમ ‘ટ્રાન્સફર સીન’ હતો. હવે તો આ બંને જણીઓ ‘નીચી મૂંડી દેખી અને આ વોટ્સ એપમાં ચોંટી’ જેવી થઈને આવેલી. મેં બોલવાનો પ્રયત્ન કર્યો ત્યારે, એ મધર ઈન્ડિયા બોલી. ‘જસ્ટ એક મિનિટ ડૉકટર, આ જરા મેસેજ મોકલી દઉં પછી આપણે બોલીએ!’ બે મિનિટ આંગળીઓથી વાતો કરી લીધાં પછી, એ મા સમાધિમાંથી બહાર આવ્યાં અને મારી સામે જોઈ રહ્યાં...

મેં વ્યાકુળ થઈને પૂછ્યું, ‘અરે, આ શું મારી માવડી?, તમને તો

આ મોબાઈલ જેવો દિલદાર મળી ગયો છે સાથમાં,
ડુબેલી રહું એમાં સતત ઘર, રસ્તો કે વળી બાગમાં.
વૉટ્સ એપની આ મોહમાયા છોડી દઉં, પણ એ પછી,
વાતો કોની સાથે કરતી ફરું હું આ નૅટવર્કના ગામમાં!

વૉટ્સ એપની એલર્જી હતી ને ? અને એના પ્રત્યુત્તરમાં એણે મારી સામે એ મુજબ જોયું જાણે ‘હાય, કમ્બખ્ત, તૂને કભી પી હી નહી’ એવો કટાક્ષ હતો, અને એ મલકાતા બોલી ઉઠી, ‘અરે, બ્રિન્દા માટે થઈને તો મેં જ હવે વોટ્સ એપ ચાલુ કરી દીધું, ખરેખર ખૂબ જ સરસ છે. સમય કયાં જાય છે સાલું ખબર જ નથી પડતી. પણ, આ મેસેજ કેમ સેન્ડ નથી થતો?’

છેલ્લું વાક્ય એણે મારા માટે નહીં બ્રિન્દા માટે કહ્યું હતું. આ વખતે દીકરી એકદમ ફોર્મમાં હતી. ‘હું તને કયારનીય કહું છું કે નેટ પેક વધારી દે, અને ટુજી નહીં ચાલે, થ્રીજીમાં જવું પડશે.’ અચ્છા, એટલે હવે એની આ સ્માર્ટ ડૉકટર જ એની સલાહગાર બની ગઈ હતી. ‘હું તો મરું પણ તનેય વિધવા કરું.’ જેવા ઘાટ ઘડાયો હતો.

મેં પણ એમને મારાથી ન રહેવાતા છેલ્લી મફતની સલાહ (ફી મળે એની કોઈ શક્યતા ન દેખાતા) આપી જ દીધી. ‘મને લાગે છે તમારે ફોન જ નવો લેવો પડશે, આ માઈક્રોમેક્સથી નહીં ચાલે, નવો લિનોવો કે થ્રો નોટ લઈ લો, દસ જ હજારમાં મળે છે, ફ્લિપ કાર્ડ પર સ્કિમ છે, સાથે ૧૬ જીબીનું મેમરી કાર્ડ ફ્રી અને પણ કલાસ ટેન વાળું, થ્રીજીને સપોર્ટ કરે એવું.’

આય.. હાય.. ખરેખર? ડૉકટર તમે તે ઈન્ટેલીજન્ટ છો. (એ તો બોર્ડ પર ગોલ્ડ મેડલિસ્ટ વાંચ્યુ હોય તોય ખબર પડી જાત) હવે, અમે પહેલા નવો મોબાઈલ લઈશું, ભલે ને દસની જગ્યાએ વીસ હજાર નો આવે, અને હા આપણાં પેલા બાજુવાળા કિંજલ કરતાં લેટેસ્ટ જોઈએ. આ બધી ચર્ચા એ એની દીકરી બ્રિન્દા સાથે કરતાં નીકળી ગયાં...

ચાલો, સારું જ થયું આ વોટ્સ એપના કારણે બંને બોલતાં તો થયાં, ડોક અને આંગળીનું જે થવું હોય તે થાય.’

ડૉકટર મિત્ર એમની વાત કરતાં હતા અને હું મન મુકીને હસતો હતો. પણ મારી સલાહ માની અને એમને ખોલેલાં નવાં વ્યવસાય ‘વોટ્સ એપ વ્યસન મુક્તિ કેન્દ્ર’ પર ભારે ભીડ જામતી હતી. એ વાત તો નક્કી!!

ચૂંટલો : સિગારેટ, તમાકુ, ગુટખા જેટલું જ વોટ્સ એપનું વ્યસન ખતરનાક છે. પ્રમાણમાં જો વપરાય તો તો સારું બાકી આ માટે ‘વોટ્સ એપ વ્યસન મુક્તિ કેન્દ્ર’ ની દૂકાનો શરુ થઈ જાય તો નવાઈ નહીં!